હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આપણી બધી મજાક ઊડી ગઇ લાગે છે... આ લોકો એ થાકીને આ નિર્ણય લીધો લાગે છે...!!

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી ઉમેદવારોએ વેઈટીંગ લીસ્ટ જાહેર કરવા અંગે ધરણા યોજી વિરોધ નોંધાવ્યો હતો. રાજય સરકારે જાહેરાત કર્યા બાદ પણ વેઈટીંગ લીસ્ટ જાહેર ન કરવામાં આવતા એલઆરડી ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રાજયના ગૃહમંત્રી દ્વારા અગાઉ વેઈટીંગ લીસ્ટ જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમ છતા એલઆરડી ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ જાહેર ન થતા છાવણી ખાતે ઉમેદવારોએ સુત્રોચ્ચાર કરતા પોલીસે અંદાજીત ૩૦ જેટલા ઉમેદવારોની અટકાયત કરી હતી.

ખૂણેખાંચરેથી

- કેન્દ્ર સરકારના સીબીઆઈસી એન્ડ સીબીએ દ્વારા ભરતી અંગેની પરીક્ષા ગાંધીનગર ખાતે યોજાઈ હતી.
- ગઈકાલની સામાન્ય સભા પછી આજે પંચાયતમાં શાંતિ પ્રવર્તતી જોવા મળી હતી જો કે અધિકારીઓ વંદે ગુજરાત વિકાસ યાત્રાની તૈયારીમાં વ્યસ્ત હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ટીમ દ્વારા હવે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલા હિસાબી સંવર્ગની પરીક્ષાના પ્રપોઝલ મેરીટ લીસ્ટના ૩૫૦ જેટલા ઉમેદવારોના પ્રમાણપત્રની આજથી ચકાસણી શરૂ કરશે જે ત્રણ દિવસ ચાલશે.
- આજે જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે મળી હતી.
- સીટી ટીબી ફોરમની બેઠક ૭મીએ મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે મનપા ખાતે ૧૨.૩૦ કલાકે મળશે.
- આજે ગાંધીનગરમાં રાહત કમિશનર અને સચિવના અધ્યક્ષપદે વેધર વોચ ગ્રૂપની બેઠક મળી હતી.
- પ્રદેશ ભાજપે પણ પ્રદેશ અધ્યક્ષ ડેશ બોર્ડ એપ બનાવી સંગઠનને આધુનિક બનાવવાની દિશામાં કદમ ભર્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ ખેંચાઈ રહ્યુ હોવાથી લોકો નિરાશામાં ગરકાવ થયા છે.
- ગાંધીનગર શહેરમાં વળાંકો પરની જ લાઈટો બંધ રહેતી હોવાથી નગરજનોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.
- ડીજીટલ વીક ઈન્ડિયાના પ્રદર્શને ગાંધીનગરાઓમાં ભારે આકર્ષણ જમાવ્યું છે.

પાનસરની મેટ્રોજન બાયોટેક નર્સરીમાં એક વર્ષના બાળક પર ટ્રકનું પૈંડુ ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૫

કલોલના પાનસર ગામે સ્થિત મેટ્રોજેન બાયોટેક નર્સરીના કંમ્પાઉન્ડમાં ચાલકે ટ્રક રીવર્સ લેતા સમયે એક વર્ષના બાળક પરથી ટ્રકનું પૈંડું પસાર થઈ ગયું હતું. ત્યારે આ કંમ્પાઉન્ડમાં રમતા અન્ય બાળકોએ હોહા કરી મુકતા નર્સરીમાં કામ કરતા દંપતિને બનાવની જાણ થઈ હતી. જેથી બાળકને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન બાળકનું મૃત્યુ નિપજયું હતું. જયારે બનાવ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાનસર ગામે આવેલી મેટ્રોજન બાયોટેક નર્સરીમાં રહીને દાહોદ જિલ્લાના નરેશભાઈ બાબુભાઈ મંડોડ મજુરી કામ કરે છે.જયારે તેમના પરિવારમાં પત્ની, બે દિકરી, તેમજ એક વર્ષનો દિકરો હતો. છેલ્લા ત્રણ માસથી કામ કરતા નરેશભાઈ અને તેમના પત્ની કેળાના છોડને કેરેટમાં ગોઠવી રહ્યા હતા. તે સમયે દિકરો રેહાન અન્ય બાળકો સાથે કંમ્પાઉન્ડમાં રમી રહ્યો હતો.ત્યારે સાંજના છ વાગ્યાના અરસામાં ટ્રકના ચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે હંકારી રીવર્સ લેતા રમી રહેલા બાળક પર ટ્રકનું ટાયર ફરી વળતા તેનુ ચગદાઈ જતા કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. આ દ્રશ્ય જોઈ રમી રહેલા અન્ય બાળકો હેબતાઈ ગયા હતા. તે ઉપરાંત હોહા કરી મુકીને દંપતિને બનાવની જાણ કરી હતી. જેથી દંપતિ તેમજ અન્ય વ્યકિતઓ પણ સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યાં જઈને દંપતિએ બાળકને ઉંચકીને જોયુ તો પેઢાના ભાગે ડાબા પગલે ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ બાળકને કલોલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. જયાં પ્રાથમિક સારવાર આપી ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જો કે રાત્રીના સમયે બાળકને તબિબો રેહાનને મરણ જાહેર કર્યો હતો. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સિવિલ હોસ્પિટલમાંથી પેશન બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ વાહન ચોરો માટે વાહનચોરી માટે હોટ ફેવરીટ સ્થળ બની જવા પામ્યું છે. સિવિલ કેમ્પસમાંથી આંતરે દિવસે વાહનચોરી થાય છે. ત્યારે હોસ્પિટલમાં સંબંધીની ખબર અંતર પુછવા માટે આવેલા યુવકના બાઈકની ચોરી થવા પામી છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથકે યુવકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા દિપક ભગવાનદાસ પ્રજાપતિ (ઉં.૩૦) નવરંગપુરા ખાતે ઓલ ગીફટ સ્ટુડીયો પ્રા.લિ. ખાતે એકાઉન્ટ તરીકે ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૩ જુલાઈના રોજ દિપક પ્રજાપતિ પોતાના સંબંધીની ખબર અંતર પુછવા માટે સાંજના ૬ વાગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બાઈક નં. જી.જે.૦૧.પી.જે.૦૧૧૬ લઈને આવ્યો હતો. ત્યારબાદ સંબંધી સાથે વાતચીત કર્યા બાદ રાતના ૯ વાગ્યાના અરસામાં ઘરે જવા માટે યુવક નીચે ઉતર્યો હતો.તે સમયે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી ભુલથી કોઈ લઈ ગયું હશે તેમ માનીને રાહ જોઈ હતી. ત્યારબાદ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા યુવકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સાદરા સંકુલને રંગોળી દોરી સુશોભિત કરાયું

ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ. વિભાગની છાત્રાલય નિવાસી વિદ્યાર્થિનીઓએ અને વિદ્યાર્થીઓએ રંગોળી પુરી સંકુલને સુશોભિત કર્યુ હતુ. જેમાં મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પડેલી આંતરશક્તિને બહાર લાવી ચિત્રકલા બહાર લાવવી અને સંકુલની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવો રહ્યો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટના નેતૃત્વમાં સાદરા સંકુલને રંગોળી દોરી સુશોભિત કરાવવામાં અનોખી મદદ કરાઈ.

ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપા મહિલા મોરચાની સંયુક્ત બૃહદ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૫

મધુર ડેરી હોલ ખાતે આયોજિત બેઠકમાં પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરડવા, સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જ પુષ્પાબેન, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ, મહાનગરના મહામંત્રી અને મહિલા મોરચાના પ્રભારી ગૌરાંગ પટેલ, મધુર ડેરી ચેરમેન શંકરસિંહ રાણા, પ્રદેશ મહિલા મોરચા ઉપપ્રમુખ ચંદ્રિકાબેન, મહાનગર પાલિકાના શાસક પક્ષના નેતા પારુલબેન ઠાકોર, દંડક તેજલબેન નાયી, મહાનગર મહિલા મોરચા પ્રમુખ પ્રિયા પટેલ, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલ પાંખની બહેનો, અપેક્ષિત શ્રેણીની કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી. આ બેઠકમાં ભાજપા સદસ્યતા અભિયાન અંતર્ગત ૭૮ ૭૮ ૧૮૨ ૧૮૨ નંબર પર ડાયલ કરી , મેસેજમાં આવેલ લિંક પર વિગતો અપલોડ કરી વધુને વધુ નાગરિકો ભાજપાના પ્રાથમિક સદસ્ય બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કુચન માર્ટમાંથી ગ્રાહકના સ્વાંગમાં ચોરી કરતી ત્રણ મહિલાઓ ઝડપાઈ

અઠવાડીયા પહેલા માર્ટમાંથી મહિલાઓ ૩૬ કિલો ઘી તેમજ પરચુરણ ચીજવસ્તુઓ ઉઠાવી ગઈ હતી

ગાંધીનગર, તા.૫

ન્યુ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં છેલ્લા અઠવાડીયાથી ગ્રાહકના સ્વાંગમાં આવતી છારા નગરની મહિલાઓની ગેંગ દ્વારા ખરીદી કરવાના બહાને કુચન માર્ટ અને જે પી મોલમાંથી અંદાજીત ૩૬ કિલો ઘી ના પાઉચ સહિત પરચુરણ સ્ટેશનરી ચોરી કરી લઈ ગઈ હતી. ત્યારે છારાનગરની આ ટોળકીની ૩ મહિલા સભ્યો મંગળવારના રોજ ચોરી કરતી કેમેરામાં આબાદ રીતે કેદ થઈ ગઈ હતી.જેથી ત્રણેય મહિલા સભ્યોની ઈન્ફોસીટી પોલીસ દ્વારા ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂત્વીકકુમાર કાન્તિભાઈ પટેલ યશ પ્લાઝા કોમ્પ્લેક્ષ ખાતે છેલ્લા ત્રણ વર્ષથી કરિયાણાની કુચન માર્ટ દુકાન ચલાવે છે. ત્યારે કુચન માર્ટમાં છેલ્લા અઠવાડીયાથી ઘી ના પાઉચ સહિતની ચીજવસ્તુઓ ચોરી થવાની ઘટના બનતી હતી.વેપારીઓ દ્વારા મોલમાં મુકવામાં આવતા માલ સામાનની ગણતરી કરવામાં આવે ત્યારે ઘીના પાઉચના સ્ટોકમાં ઘટ આવતી હતી. જેથી વેપારીઓએ મોલમાં છેલ્લા ત્રણ દિવસથી ગ્રાહકના સ્વાંગમાં આવેલી પાંચ મહિલાઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. ત્યારે આજે સાડા બાર વાગ્યાના અરસામાં ત્રણ મહિલાઓ કુચનમાર્ટમાં ખરીદી માટે આવી હતી.આ ત્રણ મહિલા પૈકી એક વૃધ્ધા પણ સાથે હતા. બાદમાં મહિલાઓ મોલમાં અંદર ખરીદી કરવાનો ડોળ કરી રહી હતી અને તક મળતા જ એક પછી એક ઘી ના પાઉચ ઉઠાવીને બારકેટમાં નાખવા લાગી હતી. મોલમાં ચારેય દિશામાં લોખંડના રેક મુકયા હોવાથી કેટલાક સ્થળો પર ગતિવિધી કેમેરામાં કેદ થઈ શકતી ન હતી. જેથી આ મહિલા ટોળકીએ ઘી ના પાઉચ સહિતનો સામાન ચોરી કરી લીધો હતો. મહિલાઓ મોલની બહાર જતા વેપારીએ અટકાવીને પુછપરછ કરતા ત્રણ દિવસથી આજ મહિલા ટોળકી ચીજવસ્તુઓ ચોરી કરીને લઈ જાય છે. ત્યારે બનાવની જાણ થતા પીઆઈ વી.જી.રાઠોડે મહિલા પીએસઆઈ એ.જે.શાહને સ્થળ પર મોકલી આપ્યા હતા. પોલીસે મહિલાઓની અંગજડતી લેતા રૂ.૫ હજારનો સામાન મળી આવ્યો હતો.ત્રણેય મહિલાની ધરપકડ કરી પુછપરછ કરતા ત્રણ દિવસમાં કુચન માર્ટમાંથી ૩૬ કિલો ઘી ના પાઉચ સહિતનો સામાન ચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

ઓપન ટેક્વોન્ડો ચેમ્પિયનશીપમાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાની ટીમનો ઉત્તૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં અમદાવાદ, કાંકરિયા ખાતે એચ.એ.ડબલ્યૂ.કે. ટેક્વોન્ડો ટ્રેનિંગ સેન્ટર દ્વારા ઓપન ટેક્વોન્ડો ચેમ્પિયનશીપ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં ૨૩ જેટલાં ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટીમમાં સૌથી વધુ વિજેતા થઈ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ્સ પ્રાપ્ત કર્યા હતાં અને અન્ય ખેલાડીઓએ સિલ્વર તથા બ્રોઝ મેડલ મેળવ્યાં હતાં તથા અયોજકો દ્વારા કોચ લોકોને બેસ્ટ ટીમની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તેમજ સંસ્થાનાં કોચ મિલન કંસારા અને કોચ અજય જાડેજા દ્વારા સ્પર્ધાનાં ખેલાડીઓને સ્પર્ધાલક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગ્રાન્ડમાસ્ટર કિમ યોંગ હો અને માસ્ટર કિમ જીહ્યુન વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં તથા સંસ્થાનાં મિલાપ ટાટારિઆ દ્વારા ટીમનું નેતૃત્વ પૂરું પાડવામાં આવ્યું હતું અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં તેમજ વર્ષનાં અંતે સંસ્થાનાં લગભગ ૧૦૦ થી પણ વધારે ખેલાડીઓ દ્વારા રાષ્ટ્રીય, રાજય તેમજ જિલ્લા લેવલની ટેક્વોન્ડો રમત તેમજ અન્ય રમતોમાં ભાગ લઈ ખૂબજ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાત રાજયનું તેમજ ગાંધીનગર શહેરનું નામ રોશન કર્યું હતું.

શહેરમાં ખડકાયેલા નવીનક્કોર પાઈપોના ઢગમાં કાટ લાગ્યાં..?!

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગરમાં અત્યારે પાણી અને ગટર લાઈનોના નવીનીકરણનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્યને પગલે શહેરના લગભગ દરેક સેક્ટરમાં કોમન પ્લોટ્સ કે ખુલ્લી જગ્યાઓમાં મસમોટી પાઈપોના ખડકલાં થયેલાં જોવા મળી રહ્યાં છે. જોકે આ નવીનક્કોર પાઈપો હજુ જમીનમાં ઉતારવામાં આવે તે પહેલાં જ કેટલીક પાઈપમાં કોરોઝોનની સમસ્યા જોવા મળી રહી છે જેના કારણે તેની ગુણવત્તા અંગે સવાલ ખડાં થયાં છે. હજુ તો આ પાઈપોને જમીનમાં ઉતારવામાં આવી નથી તે પહેલાં જ જો તેમની હાલત આવી થઈ જતી હોય તો જમીનમાં ઉતારાયાં પછી કેવી થશે અને તેના કારણે નાગરિકોને આ પાઈપો થકી જે પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે તે જાહેર આરોગ્ય સંદર્ભે કેટલો સલામત રહેશે તેવાં સવાલ ખડાં થઈ રહ્યાં છે.

આ સાથે બીજી તરફ શહેરમાં ચોમાસાનો માહોલ સર્જાઈ ચૂક્યો છે અને સામાન્ય વરસાદ પણ થઈ ચુક્યો છે જેને કારણે વરસાદી માહોલમાં શહેરમાં ખોરાકની શોધમાં સરિસૃપોનું નીકળવાનું શરૂ થઈ ગયું છે. આ સ્થિતિમાં સાપ કે વિંછી સહિતના ઝેરી જીવજંતુઓને આશ્રય કે છુપાવા માટે માટે આ પાઈપોના ખડકલાં આદર્શ સ્થાન બની શકે છે જે સેક્ટરના ખુલ્લાં કોમન પ્લોટોમાં ખડકાયેલી આ પાઈપોના ખડકલાં નજીક રમતાં બાળકો માટે જોખમી બની શકે છે.

સેકટર-૨૧ પાર્કિંગમાં વેપારીઓનો અડીંગો



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે પાર્કિંગની સમસ્યા વિકટ બની રહી છે. પાર્કિંગની સમસ્યાનો ઉકેલ આવે તે માટે પાર્કિંગ પેલેસ તૈયાર કરવામાં આવ્યા છે.પરંતુ આ પાર્કિંગમાં વેપારીઓ પોતાના વાહનો લઈ ગોઠવાઈ જાય છે અને પાથરણા પાથરતા અન્ય વાહનચાલકોને વાહન પાર્ક કરવામાં પારાવાર તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે સેકટર-૨૧ શાકમાર્કેટ પાસે આવેલા પાર્કિંગ એરીયામાંથી વેપારીઓને દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે રેલ્વે વિભાગે એમઓયુ સાઈન કર્યા છે. નેશનલ ફોરેન્સિક લેબની સ્થાપના માટે આ એમઓયુ કરવામાં આવ્યા છે. રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવે એનએફએસયુને બે સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ફાળવ્યા છે.

'ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨'નું એક્ઝિબિશન ૧૧ જુલાઈ સુધી લંબાવવાનો મહત્વપુર્ણ નિર્ણય

યુવાનોના સ્ટર્ટઅપ, ઇનોવેશન અને આઇડિયા નિહાળવા એક્ઝિબિશનની મુલાકાત લેવા મંત્રીનો વિદ્યાર્થીઓ-યુવાઓને અનુરોધ

ગાંધીનગર, તા. ૫

રાજયના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨'નો ગુજરાત ખાતેથી શુભારંભ કરવા બદલ વડાપ્રધાનનો વિશેષ આભાર માન્યો હતો. જે અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યુવાનોના સ્ટર્ટઅપ, ઈનોવેશન અને આઈડિયાથી ભરપુર ટેકનોલૉજીસભર આધુનિક એક્ઝિબિશન ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. વડાપ્રધાને પણ આ એક્ઝિબિશન સૌ નાગરિકોએ નિહાળવા અપીલ કરી છે ત્યારે આ એક્ઝિબિશન નાગરિકો માટે વધુ પાંચ દિવસ સુધી લંબાવવાનો નિર્ણય સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. તા.૪ થી ૬ જુલાઈ સુધી ખુલ્લુ રહેનાર એક્ઝિબિશન હવે તા.૧૧ જુલાઈ સુધી લંબાવવાનો મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યુ કે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ડિજિટલ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના વિવિધ પ્રદર્શનો યોજાઈ રહ્યાં છે. જેમાં સ્ટાર્ટઅપ, સરકાર, ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓની જનભાગીદારી થકી ૨૦૦થી વધુ સ્ટોલ તૈયાર કરવામા આવ્યા છે. આ પ્રદર્શન મેળામાં રોજિંદી જીવનશૈલીને સરળ બનાવતા વિવિધ ડિજિટલ સોલ્યુશન્સ જેવા કે આધાર, યુપીઆઈ, કૉ-વિન, ડિજિલૉકર જેવા જાહેર ડિજિટલ પ્લેટફોર્મ મારફત નાગરિકોને સેવાઓ કેવી રીતે સરળતાથી મળી રહે છે તે અંગેની માહિતી આપવામાં આવી રહી છે. તે ઉપરાંત યુવાનોના સ્ટર્ટઅપ, ઈનોવેશન અને આઈડિયા પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ એક્ઝિબિશનની મુલાકાત લેવા મંત્રી વાઘાણીએ વિદ્યાર્થીઓ-યુવાઓને અનુરોધ કર્યો છે.